# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


ક્રમાંક:મા.વિ.૧/શ્રેષ્ઠ શાળા/પરિપત્ર/૨૦૨૦/૨૧૫૫૨ તા.૨૫/૦૯/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/બિનસરકારી/અનુદાનિત,

માધ્યમિક અને ઉ.મા શાળાઓ તમામ,

બનાસકાંઠા

વિષય:- શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહિક ઈનામ આપવા બાબત...

સંદર્ભ:- ૧.અત્રેની કચેરીના પત્રક્રમાંક:-મા.વિ.૩/શ્રે.શા.૨૦૨૦-૨૧/૨૦૪૪૬-૬૪૬ તા.૧૭/૦૯/૨૦૨૦

૨. સંયુક્ત શિક્ષણ નિયામક(૧૦+૨),કમિ.શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંક:- ઉમશ/ઉમા૬/૨૦૨૦/૪૮૨૦-૫૮ તા.૧૮/૦૮/૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિતપત્ર-૧ થી શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહિક ઈનામ આપવા બાબતે દરખાસ્ત મંગાવવામાં આવેલ છે. જે સંદર્ભદર્શિત પત્ર-૨ થી થયેલ શ્રેષ્ઠ શાળા મુલ્યાંકન પત્રક વર્ષ-૨૦૨૦ માં શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું S.S.C અને H.S.C.નું પરિણામ શરતચુક થી લખાયેલ છે.

| વર્ષ | | માર્ચ-૧૭ | માર્ચ-૧૮ | માર્ચ-૧૯ | ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ |
|---|---|---|---|---|---|
| S.S.C.નું પરિણામ | | | | | |
| H.S.C.નું પરિણામ | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

**જેના બદલે નીચે મુજબ સુધારીને વાંચવું.**

| વર્ષ | | માર્ચ-૧૮ | માર્ચ-૧૯ | માર્ચ-૨૦ | ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ |
|---|---|---|---|---|---|
| S.S.C.નું પરિણામ | | | | | |
| H.S.C.નું પરિણામ | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી,
પાલનપુર જિ.બનાસકાંઠા

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ

પત્રક્રમાંક : ઉમશ/ઉમાડ/૨૦૨૦/4520-58
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં ૯, જુના સચિવાલય
જીવરાજ મહેતા ભવન
ગુ.રા, ગાંધીનગર,
તા:18/9/૨૦૨૦

વંચાણે લીધા : –

૧. આ કચેરીના પત્રક્રમાંક : ઉમશ/ઉમા–૦૬/શ્રે.શા/૨૦૨૦–૨૧/૪૫૮૫-૪૬૧૮, તા.૮/૯/૨૦૨૦

સુધારા આદેશ : –

ઉક્ત વંચાણે લીધા ક્રમ નં ૧ અત્રેની કચેરીના પત્રક્રમાંક : ઉમશ/ઉમા–૦૬/શ્રે.શા/૨૦૨૦–૨૧/૪૫૮૫-૪૬૧૮, તા.૮/૯/૨૦૨૦ થી સને ૨૦૨૦-૨૧ ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા બાબત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે શ્રેષ્ઠ શાળાની દરખાસ્ત મંગાવવામાં આવેલ છે.

સદર દરખાસ્ત માટેના શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક વર્ષ ૨૦૨૦ માં શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું S.S.C અને H.S.C નું પરિણામ નીચે મુજબ શરતચૂકથી લખાયેલ છે.

| વર્ષ | | માર્ચ ૧૭ | માર્ચ ૧૮ | માર્ચ-૧૯ | ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ |
|---|---|---|---|---|---|
| S.S.C નું પરિણામ | | | | | |
| H.S.C નું પરિણામ | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

જેના બદલે નીચે મુજબ સુધારીને વાંચવું.

| વર્ષ | | માર્ચ ૧૮ | માર્ચ ૧૯ | માર્ચ-૨૦ | ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ |
|---|---|---|---|---|---|
| S.S.C નું પરિણામ | | | | | |
| H.S.C નું પરિણામ | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

અત્રેની કચેરીના તા.૮/૯/૨૦૨૦ ના પત્રમાં જણાવેલ અન્ય શરતો યથાવત રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦+૨ ખાસ ઘટક,
ગુ.રા,ગાંધીનગર

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ

સવિનય નકલ રવાના જાણ સારુ : –

- ✓ સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ, છ શાખા, સચિવાલય, ગાંધીનગર
- ✓ અંગત મદદનીશશ્રી, માન.આયુક્તશ્રી, કમિશનર શાળાઓની કચેરી
- ✓ સંયુક્ત શિક્ષણ નિયામક (હિસાબ), સદર કચેરી
- ✓ સંયુક્ત શિક્ષણ નિયામક(માધ્યમિક), સદર કચેરી

ર.૧૭.૩૧૪ 23/9. 9262 23/09/2020

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com


ક્રમાંક:મા.વિ.-૩/શ્રે.શા.૨૦૨૦-૨૧/૨૦૪૪૬-૬૪૬ તા:૧૭/૦૯/૨૦૨૦

પ્રતિ

આચાર્યશ્રી ,

સરકારી , RMSA, મોડેલ , મોડેલ ડે તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (તમામ) ,
જિ.બનાસકાંઠા.

વિષય – સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા બાબત .

સંદર્ભ :-(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૬/૦૭/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : મશબ /૧૧૧૯ /૮૭૫/છ

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી ના પત્ર ક્રમાંક ઉમશ/શ્રે.શા./૨૦૨૦-૨૧/૪૫૮૫-૪૬૧૮, તા. ૦૮/૦૯/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે , સને ૨૦૨૦ -૨૧ ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠશાળા તરીકે પસંદ થાય તે શાળાને પ્રોત્સાહક ઈનામઆપવા માટે આપણા જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને શાળા દીઠ રૂ. ૧.૦૦ લાખ (અંકે એક લાખ પુરા) તથા રાજ્ય કક્ષાએ પ્રથમ નંબરે આવનાર શાળાને રૂ. ૫.૦૦ લાખ ( અંકે પાંચ લાખ પુરા ) ,બીજા નંબરે આવનાર શાળાને રૂ. ૩.૦૦ લાખ( અંકે ત્રણ લાખ પૂરા ) અને ત્રીજા નંબરે આવનાર શાળાને રૂ. ૨.૦૦ લાખ (અંકે બે લાખ પુરા) નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે . આ યોજના હેઠળ શૈક્ષણિક ગુણવત્તાને ધ્યાનમાં રાખી ઈનામ આપવામાં આવશે તે માટેના નોર્મ્સ રાજય પસંદગી સમિતિ નક્કી કરશે.

- **આ યોજના અંતર્ગત શાળાઓને ભાગ લેવા માટે નીચે મુજબ નોર્મ્સ ફરજિયાત કરાયા છે.**

૧. જિલ્લા કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ શાળા પસંદ કરવા માટે એક શહેર વિસ્તારની અને બે ગ્રામ્ય વિસ્તારની શાળા પસંદ કરવામાં આવશે.

૨. શાળાનું એસ.એસ.સી.નું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરીણામ (માત્ર માધ્યમિક અને ૯ થી ૧૨ ના વર્ગો ધરાવતી શાળા માટે )

(ક) જ્યાં માધ્યમિક અને ઉ.માધ્યમિક અથવા માત્ર માધ્યમિક શાળાઓ ચાલે છે તે શાળાઓ માટે .
શહેર વિસ્તાર માટે ૭૫ % કે તેથી વધુ તથા ગ્રામ્ય વિસ્તાર માટે ૭૦ % કે તેથી વધુ હોવું જોઈએ .

૩. માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોય તો એચ એસ.સી. નું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરિણામ નીચે મુજબ હોવું જોઈએ .

(ક) માત્ર સામાન્ય પ્રવાહ માટે : શહેર વિસ્તાર – ૭૫ % કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર – ૭૦% કે તેથી વધુ .

(ખ) માત્ર વિજ્ઞાન પ્રવાહ માટે :શહેર વિસ્તાર –૭૦ % કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર માટે –૬૫ % કે તેથી વધુ.

(ગ) બન્ને પ્રવાહ હોય તો જે પ્રવાહનું પરીણામ વધુ હોય તે ધ્યાને લેવું .

(નોંધ : - ઉ.બુ. પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓના ધારાધોરણ લાગુ પડશે.)

૪. એક વાર જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોત્સાહક પારિતોષિક મેળવેલ શાળાઓ તે પછીના ત્રણ વર્ષ સુધી શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં ભાગ લઈ શકશે નહિ.

૫. નિયત થયેલ એપ્રાઈઝલ ફોર્મના માપદંડોના કુલ ૧૦૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૩૫ ગુણ જે શાળા મેળવે તે જ શાળા ઈનામ માટે પસંદગીને હકદાર બનશે.

એપ્રાઈઝલ ફોર્મ ઝીણવટપૂર્વક વાંચી પ્રત્યેક વિગત ફરજિયાત ભરવાની રહેશે. દરખાસ્તને હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપીમાં ( સોફટ કોપીમાં હેડલાઈન સાથેનું માત્ર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન ) મોકલી આપવું . જેમાં બિનજરૂરી અને લંબાણ પૂર્વકની વિગતો ટાળવી ( જેવા કે , સાંસ્કૃતિક કાર્યક્રમોની આખી સી.ડી. , ફોટો આલ્બમ , બિન જરૂરી કાગળો , એક જ પ્રકારના કે એક જ કાર્યક્રમના વધુ પડતાં ફોટોગ્રાફ વગેરે ) તથા પાયાની શરતોનું ચુસ્તપણે પાલન થતું હોય તો અને તો જ શાળાની દરખાસ્તને ધ્યાને લેવામાં આવશે.

- જિલ્લાની આર. એમ. એસ. એ. તથા મોડેલ સ્કૂલ સહિતની કોઈ પણ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક / ઉ.મા. શાળા ભાગ લઈ શકશે.
- ભાગ લેનાર માધ્ય /ઉ.મા. શાળાએ આ સાથે સામેલ એપરાઈઝલ ફોર્મમાં વિગતો ભરી અત્રેની કચેરીને તા. ૩૦/૧૦/૨૦૨૦ સુધીમાં અરજી કરવાની રહેશે.
- આવેલ અરજીઓના સંદર્ભમાં જિ.શિ.અધિ.શ્રી દ્વારા પેનલ મુલાકાત ગોઠવી શાળાએ રજૂ કરેલ વિગતોની ચકાસણી કરવામાં આવશે .
- આવેલ અરજીઓની ચકાસણી અને રૂબરૂ મુલાકાતના અંતે પસંદ થયેલ અરજીઓની ચકાસણી જિલ્લા પસંદગી સમિતિ કરશે .

રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે, જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમની શ્રેષ્ઠ શાળાની દરખાસ્ત વિશિષ્ટ પ્રવૃતિઓને ધ્યાનમાં રાખી ૪*૬ના ફોટોગ્રાફ સહિત A4 સાઇઝના પેપરમાં વધુમાં વધુ ૫૦ પાનાની દરખાસ્ત તૈયાર કરવાની રહેશે. તેમજ ૨૫ થી ૩૦ સ્લાઇડનું શ્રૃતિ ફોન્ટમાં પ્રેઝન્ટેશન રજુ કરવાનુ રહેશે.

શ્રેષ્ઠશાળા પસંદગી ની પ્રક્રિયા નિયત સમય મર્યાદામાં પુર્ણ થાય તે માટે શાળાની દરખાસ્ત ક્ષતિ રહીત અને નિયત સમય મર્યાદામાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

બીડાણ : એપ્રાઇઝલ ફોર્મ

**નકલ સવિનય રવાના:**

- મે.નિયામકશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર.

નકલ રવાના:

- શિ.નિ. અને મ.શિ.નિ. તમામ, સદર કચેરી.

# શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક – વર્ષ -૨૦૨૦

1. ટ્રસ્ટનુ નામ અને સરનામુ -

2. શાળાનુ નામ અને સરનામુ –

| ગામનુ નામ- | તાલુકાનુ નામ- | જિલ્લાનુ નામ- |
|---|---|---|

3. કાયમી સંપર્ક નંબર- અ) લેન્ડ લાઇન નંબર (એસ.ટી.ડી. કોડ સાથે)-

   બ) મોબાઇલ નંબર (1) (2)

   શાળાનુ ઇ મેઇલ એડ્રેસ -

4. શાળાની વિગત- લાગુ પડતુ હોય તેના પર ✓ નિશાની કરો.

- શાળાનુ સ્થાપના વર્ષ -
- શાળા માત્ર માધ્યમિક / માત્ર ઉચ્ચતર માધ્યમિક / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બન્ને વિભાગ ધરાવે છે.
- જો શાળા ઉચ્ચતર માધ્યમિક છે તો તેમાં ચાલતાં પ્રવાહ –

  સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ / બન્ને પ્રવાહ /ઉ.બુ. પ્રવાહ
- શાળા કુમાર / કન્યા / મિશ્ર છે.
- શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા - માધ્યમિક -- ઉ.મા. -- કુલ --
- શાળાનુ છેલ્લાં ત્રણ વર્ષનુ S.S.C.અને H.S.C.નુ પરીણામ

| વર્ષ | | માર્ચ-18 | માર્ચ- ~~18~~ 19 | માર્ચ – ~~19~~ 2020 | ત્રણ વર્ષનુ સરેરાશ પરીણામ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| **S.S.C.નુ પરીણામ** | | | | | |
| **H.S.C.નુ પરીણામ** | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

# એપ્રાઇઝલ ફોર્મના વિભાગવાર મેળવેલ ગુણની વિગત

| વિભાગ | વિગત | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|
| 1 | શાળા ભાવાવરણ | ૩૦ | |
| 2 | અસરકારક વર્ગ કાર્ય | ૨૦ | |
| 3 | સહાભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરીણામ લક્ષી લોકભાગીદારી | ૩૦ | |
| 4 | શાળાની પ્રેરક વિશેષતાઓ | ૨૦ | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

# એપ્રાઇઝલ ફોર્મના નિર્ણાયક દ્વારા મુકાયેલા ગુણ

| વિભાગ | 1 | 2 | 3 | 4 | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| નિર્ણાયક-1 | | | | | |
| નિર્ણાયક-2 | | | | | |
| નિર્ણાયક-3 | | | | | |
| નિર્ણાયક-4 | | | | | |
| નિર્ણાયક-5 | | | | | |
| નિર્ણાયક-6 | | | | | |
| નિર્ણાયક-7 | | | | | |
| કુલ ગુણ | | | | | |
| તમામ નિર્ણાયકના સરેરાશ ગુણ | | | | | |